અપીલ અરજી નં.૧૩૨ તા.૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી આઈ ડી. નં.૧૦૧તા.૬–૬–૦૯ની અરજીથી કાર્યપાલક ઈજનેર રાંદેર તરફથી પાઠવેલ પત્ર નં.૨૦૩૩ તા.૧૫–૩–૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ ટીપી સ્કીમ નં.૧૨ ના ફા.પ્લોટ નં.૨૮ માં અરજદારે રજૂ કરેલ વાંધા તથા તે સામે રજૂ થયેલ આધાર અને પુરાવા બાદ શું નિર્ણય લેવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી તથા આ પ્રકરણના અનુસંધાને તમામ પક્ષકારોએ રજૂ કરેલ તમામ આધાર પુરાવા અને નિવેદનોની તમામ નકલોની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૨/૦૯–૧૦

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી આઈ ડી. નં.૧૦૧તા.૬–૬–૦૯ની અરજીથી કાર્યપાલક ઈજનેર રાંદેર તરફથી પાઠવેલ પત્ર નં.૨૦૩૩ તા.૧૫–૩–૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ ટીપી સ્કીમ નં.૧૨ ના ફા.પ્લોટ નં.૨૮ માં અરજદારે રજૂ કરેલ વાંધા તથા તે સામે રજૂ થયેલ આધાર અને પુરાવા બાદ શું નિર્ણય લેવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી તથા આ પ્રકરણના અનુસંધાને તમામ પક્ષકારોએ રજૂ કરેલ તમામ આધાર પુરાવા અને નિવેદનોની તમામ નકલોની માહિતી આપવા બાબતે માંગેલી માહિતી કાયદા મુજબ ૩૦ દિવસમાં પૂરી પાડવામાં ન આવે તો વિના મૂલ્યે આપવાની હોય છે જે રૂા.૨૦૦/– ભરાવ્યા છે તે કાયદા વિરુધ્ધ છે, પૂરતા પેપરો આપ્યા નથી અને પ્રમાણિત નકલો આપી નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૬ તા.૧૭–૮–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૪ તા.૩–૭–૦૯ થી કુલ ૧૦૦ નકલોના પ્રતિ નકલ દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૦૦/– કચેરીમાં ભરપાઈ કરીને મળી શકશે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે કરવામાં આવેલ અપીલ અરજીમાં તા.૭–૭–૦૯ ના રોજ નાણા ભરવાની જાણ કરી ૩૦ દિવસ પૂરા થયા બાદ માહિતી વિના મૂલ્યે આપવાની હોય છે તથા માહિતી તા.૧૩–૭–૦૯ ના રોજ આપી હતી તે પણ સહી સિકકા પણ મારી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તમામ પેપરો માંગવા છતાં (૧) પ્લાન પાસ કરવા માટેની અરજી (૨) મુકેલ પ્લાનનો નકશો (૩) તેના અનુસંધાન ભરેલ ફી ની રસીદ (૪) આ પ્લાન પાસ કરાવવા વિરુધ્ધમાં આવેલ અરજીઓ(૫) પ્લાન પાસ કરાવવા વિરુધ્ધમાં આવેલી અરજીઓ સાથેના બીડાણ (૬) ઈન્વર્ડ નંબર ૧૮૭૭ તા.૨૪–૩–૦૮ ના પત્ર સાથે સામેલ કરેલ બીડાણ નંગ–૧ ના પેપર આપેલ નથી. તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. અરજદારે મુળ અરજીમાં પક્ષકારોએ રજૂ કરેલ તમામ આધાર પુરાવા અને નિવેદનોની નકલની માંગણી કરેલ છે. વધુમાં અરજદારે તેમની અરજીમાં નિર્દિષ્ટ કરેલ તા.૧૫–૩–૦૮ ના કાર્યપાલક ઈજનેરના પત્રની નકલ બીડેલ નથી. વધુમાં અરજદારે અપીલ તબકકે અપીલ અરજીમાં નિર્દિષ્ટ ઉપર જણાવેલ છ દસ્તાવેજો નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તથા મળેલ દસ્તાવેજો પ્રમાણિત કર્યા વિનાની નકલો આપ્યાની પણ રજૂઆત કરેલ છે. તથા આપેલ માહિતી દિન–૩૦ સમય અવધિ બાદ આપેલ હોઈ વિના મૂલ્યે માહિતી આપવા પાત્ર રહેતી હોઈ લીધેલ નાણા પરત આપવા રજૂઆત કરેલ છે.

આ બાબતે અરજદારની મૂળ અરજી ધ્યાને લેવામાં આવે તો તેમાં તેમને પ્રમાણિત નકલોનો આગ્રહ સેવેલો જણાતો નથી.

જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અને વસુલ લીધેલ દસ્તાવેજ ફી ની ચકાસણી કરવામાં આવે તો તા.૬–૬–૦૯ ની અરજી બાબતે માહિતી માટે નાણા ભરવાનો પત્ર તા.૩–૭–૦૯ ના રોજ યુ.પી.સી. થી અરજદારને મોકલેલ છે. જે ૨૮ માં દિવસે છે. જેના અનુસંધાને અરજદારે તા.૭–૭–૦૯ ના રોજ દસ્તાવેજ ફી ભરેલ જે ધ્યાને લેતાં કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) ની જોગવાઈ ધ્યાને લઈએ તો જાહેર માહિતી અધિકારી ધ્વારા દસ્તાવેજ ફી ભર્યાના દિન–૨ માં માંગેલ નકલો આપવાની રહે. અન્યથા દિન–૩૦ ની અવધિ બાદ માહિતી આપ્યાનું સ્પષ્ટ થાય અને તેવા કિસ્સામાં કાયદાની કલમ–૭(૬) હેઠળ અરજદાર વિના મૂલ્યે માહિતી મેળવવા હકદાર ઠરે. જાહેર માહિતી અધિકારી ધ્વારા ફી વસુલાત બાદ કઈ તારીખે માહિતી આપી તેની કોઈ વિગતો જણાવેલ નથી. પરંતુ અરજદારે તા.૧ ૩–૭–૦૯ ના રોજ માહિતી મળ્યાનું જણાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકી બાબત હેઠળના દફતરી ઉપલબ્ધ બાકી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

મૂળ અરજીથી પ્રમાણિત નકલનો અરજદારે આગ્રહ સેવેલો નથી તેમ છતાં અપીલમાંની અરજદારની રજૂઆત ધ્યાને લઈ તેજ નકલો જાહેર માહિતી અધિકારી સમક્ષ અરજદાર ધ્વારા રજૂ થયેથી તેને પ્રમાણિત કરી આપવા પણ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. દસ્તાવેજ ફી ભરપાઈ બાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૯–૭–૦૯ બાદ અરજદારને માહિતી પૂરી પાડવા પત્ર રવાના કરેલ હોય તો તેવી સ્થિતિમાં અરજદારને માહિતી વિના મૂલ્યે મેળવવાનો હક પ્રસ્થાપિત થાય. જેથી અરજદારની દસ્તાવેજ ફીના નાણા રીફંડ મેળવવાની રજૂઆત બાબત દફતરી ચકાસણી કરી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દિન–૧૦ માં કાર્યવાહી હાથ ધરી થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા પણ જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે. હુકમના આ મુદ્દા અંગે અરજદારને હુકમની તારીખથી દિન–૧૫ માં નારાજગીના કિસ્સામાં અત્રે ફેર રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)... જાણ તથા અમલ માટે
(૨)શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,